# New Jersey માં મંકીપોક્સ (hMPXV) રસીકરણ

માનવ મંકીપોક્સ (hMPXV) વાયરસ માટેની રસીને JYNNEOS કહેવામાં આવે છે. New Jersey માં, **નીચે પ્રમાણેના લોકો રસીકરણ માટે પાત્ર હોઈ શકે છે:**



જે લોકો છેલ્લા 14 દિવસમાં ઓર્થોપોક્સ વાયરસ અથવા મંકીપોક્સ (hMPXV) વાયરસ માટે સકારાત્મક પરીક્ષણ ધરાવતા વ્યક્તિ સાથે સંપર્કમાં આવ્યા હોય

**(રસીકરણના સંકલન માટે તમારા સ્થાનિક આરોગ્ય વિભાગનો સંપર્ક કરો)**

- ગે, બાયસેક્સ્યુઅલ અને અન્ય પુરૂષો કે જેઓ પુરૂષો, ટ્રાન્સજેન્ડર અથવા બિન-બાઈનરી લોકો સાથે સંભોગ કરે છે જેમને છેલ્લા 6 મહિનામાં:



  - એક અથવા વધુ રાષ્ટ્રીય સ્તરે જાણવામાં આવ્યા હોય તેવા જાતીય સંક્રમિત રોગોનું નવું નિદાન (એટલે કે, તીવ્ર HIV, ચેનક્રોઇડ, ક્લેમીડિયા, ગોનોરિયા અથવા સિફિલિસ)
  - એકથી વધુ સેક્સ પાર્ટનર

- જે લોકોને છેલ્લા 6 મહિનામાં નીચેનામાંથી કોઈ એક થયું/કર્યું હોય:
  - કોમર્શિયલ સેક્સ સ્થળ પર સેક્સ
  - મંકીપોક્સ (hMPXV) ટ્રાન્સમિશન થતું હોય તેવા ભૌગોલિક વિસ્તારમાં મોટા જાહેર કાર્યક્રમ સાથે સંકળાયેલા સેક્સ

- ઉપરોક્ત જોખમો ધરાવતા લોકોના જાતીય ભાગીદારો

- જે લોકો ઉપરોક્ત જોખમો અનુભવી શકે તેવી અપેક્ષા રાખતા હોય

**રસીના સ્થાનની મુલાકાત લો**
**(નજીકની રસીકરણ સાઇટ માટે પાછળનો QR કોડ સ્કેન કરો)**

અમુક વ્યવસાયિક એક્સપોઝર જોખમના જૂથોમાં લોકો જેમ કે:



- સંશોધન લેબોરેટરી કર્મચારીઓ ઓર્થોપોક્સ વાયરસ ઉપર કામ કરે છે
- ક્લિનિકલ લેબોરેટરી કર્મચારીઓ ઓર્થોપોક્સ વાયરસ માટે ડાયગ્નોસ્ટિક પરીક્ષણ કરી રહ્યા છે
- યોગ્ય જાહેર આરોગ્ય અને આતંકવાદ વિરોધી સત્તાવાળાઓ દ્વારા નિયુક્ત કરાયેલ ઓર્થોપોક્સ વાયરસ અને આરોગ્ય સંભાળ કાર્યકરોની પ્રતિભાવ ટીમો

**(તમારા સ્થાનિક આરોગ્ય વિભાગનો સંપર્ક કરો)**

**NJ આરોગ્ય વિભાગ ફેડરલ સરકાર તરફથી મંકીપોક્સ (hMPXV) રસીઓ મેળવે છે અને તે પાત્ર વ્યક્તિઓને વિના મૂલ્યે આપવામાં આવે છે.**

વર્તમાન રસીકરણ પ્રયાસો અપ્રમાણસર રીતે અસરગ્રસ્ત જૂથો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં ગે અને બાયસેક્સ્યુઅલ પુરૂષો અને અન્ય પુરૂષો કે જેઓ પુરુષો સાથે સેક્સ કરે છે. પુરુષો સાથે સેક્સ કરે છે. **આ સમય સાથે બદલાઈ શકે છે.**

**રસીની યોગ્યતા અને સ્થાનો વિશે અપ ટુ ડેટ રહો.**
**https://bit.ly/njmpx ની મુલાકાત લો અથવા QR કોડ સ્કેન કરો:**

NJ Health
New Jersey Department of Health

Accredited Health Department • Public Health Accreditation Board • PHAB Advancing public health performance



# હ્યુમન મંકીપોક્સ વાયરસ (hMPXV)

## તમારે શું જાણવાની જરૂર છે

## હ્યુમન મંકીપોક્સ, જેને hMPXV તરીકે ઓળખવામાં આવે છે, તે વાયરસને કારણે થતો ચેપ છે. લક્ષણો હળવા હોઈ શકે છે, પરંતુ કેટલાક કેસ વધુ ગંભીર હોઈ શકે છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડે છે.

**સુરક્ષિત રહેવા અને આ ચેપના ફેલાવાને રોકવા માટે તમારે જે જાણવાની જરૂર છે તે અહીં છે.**

## મંકીપોક્સ (hMPXV) ના લક્ષણો શું છે?



**લક્ષણોમાં શામેલ હોઈ શકે છે:**

- ફોલ્લીઓ, બમ્પ્સ અથવા ફોલ્લાઓ જે જનનાંગો અથવા અન્ય વિસ્તારો પર અથવા તેની આસપાસ હોઈ શકે છે (જેમ કે હાથ, પગ, ચહેરો અથવા છાતી)

- તેઓ સામાન્ય લૈંગિક રીતે સંક્રમિત ચેપ અથવા દાદર અથવા ઝેરી આઇવી જેવા અન્ય ચામડીના ફોલ્લીઓ જેવા દેખાઈ શકે છે

- ફોલ્લીઓ પહેલા ફ્લૂ જેવા લક્ષણો આવી શકે છે જેમ કે તાવ, માથા અને શરીરમાં દુખાવો, લસિકા ગાંઠોમાં સોજો અને શરદી



## મંકીપોક્સ (hMPXV) કેવી રીતે ફેલાય છે?

મંકીપોક્સ (hMPXV) લોકો વચ્ચેના નજીકના, શારીરિક સંપર્ક દ્વારા ફેલાય છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:



મંકીપોક્સ (hMPXV) ફોલ્લીઓ સાથે સીધો સંપર્ક



લાંબા સમય સુધી લાળના છાંટા અથવા લાળ (થૂંક), રૂબરૂ સંપર્ક અથવા ઘનિષ્ઠ શારીરિક સંપર્ક, જેમ કે ચુંબન, આલિંગન અથવા સેક્સ



મંકીપોક્સ (hMPXV) વાળા વ્યક્તિ દ્વારા ઉપયોગમાં લેવાતી વસ્તુઓને સ્પર્શ કરવી જેમ કે ટુવાલ, બેડ લેનિન અને કપડાં

મંકીપોક્સ (hMPXV) લક્ષણો શરૂ થાય ત્યારથી જ્યાં સુધી ફોલ્લીઓ સંપૂર્ણ રીતે સાજા ન થઈ જાય અને ત્વચાનું તાજું સ્તર રચાય ત્યાં સુધી ફેલાઈ શકે છે.



## મંકીપોક્સ (hMPXV) ને કેવી રીતે અટકાવી શકાય?



તમારા જાતીય ભાગીદારોને પૂછો કે શું તેમને મંકીપોક્સ (hMPXV) ના ફોલ્લીઓ અથવા અન્ય લક્ષણો છે



મંકીપોક્સ (hMPXV) ની ફોલ્લીઓ અથવા અન્ય લક્ષણો ધરાવતા કોઈપણ વ્યક્તિ સાથે ત્વચા-થી-ત્વચાનો સંપર્ક ટાળો



પથારી, ટુવાલ, કપડાં અથવા ચેપગ્રસ્ત વ્યક્તિ દ્વારા ઉપયોગમાં લેવાતી અન્ય વસ્તુઓ જેવી સામગ્રીનો સંપર્ક ટાળો



તમારા હાથને સાબુ અને પાણીથી સારી રીતે ધોવા અથવા ચેપગ્રસ્ત લોકોના સંપર્ક પછી આલ્કોહોલ આધારિત હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ કરો

## જો મને લક્ષણો હોય અથવા મને લાગે કે મને મંકીપોક્સ (hMPXV) છે તો મારે શું કરવું જોઈએ?

જો તમને કોઈ મંકીપોક્સ (hMPXV) લક્ષણો હોય, તો તરત જ તમારા **સ્વાસ્થ્ય સંભાળ પ્રદાતા, તાત્કાલિક સંભાળ કેન્દ્ર અથવા હોસ્પિટલ** નો સંપર્ક કરો

- તમે જાઓ તે પહેલાં કૉલ કરો જેથી તેઓ તમને અન્ય લોકોથી અલગ રાખવા માટે તૈયાર થઈ શકે
- માસ્ક પહેરવાનું સુનિશ્ચિત કરો અને બને ત્યાં સુધી ખરજવાને ઢાંકો
  - તમારા આરોગ્યસંભાળ પ્રદાતાને જણાવો કે જો તમે તાજેતરમાં મુસાફરી કરી હોય, સમાન ફોલ્લીઓ ધરાવતી વ્યક્તિ સાથે સંપર્ક કર્યો હોય અથવા મંકીપોક્સ (hMPXV) હોવાનું નિદાન થયું હોય
  - જો તમારા આરોગ્યસંભાળ પ્રદાતા દ્વારા ભલામણ કરવામાં આવે તો પરીક્ષણ કરાવો; પરીક્ષણમાં ફોલ્લીઓના સ્વેબ એકત્રિત કરવાનો સમાવેશ થાય છે
  - પરીક્ષણના પરિણામો બાકી હોય એ દરમિયાન ઘરે જ આઈસોલેટ રહો

## જો તમારું પરીક્ષણ પોઝિટિવ હોય તો શું કરવું?

- ✓ જ્યાં સુધી બધા ખરજવા દૂર ન થઈ જાય, સ્કેબ્સ ઉતરી ન જાય, અને પૂર્ણ ત્વચાનો તાજો સ્તર (સામાન્ય રીતે 2-4 અઠવાડિયા) બને ત્યાં સુધી અલગ રહો.
- ✓ કટોકટી અથવા ફોલો-અપ તબીબી સંભાળ માટે જરૂરી સિવાય ઘરે રહો.
- ✓ જો શક્ય હોય તો, એક જ ઘરમાં રહેતા અન્ય લોકો હોય તો અલગ બાથરૂમનો ઉપયોગ કરો.
- ✓ જો તમારે ઘરના અન્ય લોકોની આસપાસ રહેવાની જરૂર હોય તો સારી રીતે ફિટિંગ માસ્ક અથવા શ્વસન યંત્ર પહેરો.
- ✓ પર્યાવરણ સંરક્ષણ એજન્સી (EPA)-રજિસ્ટર્ડ જંતુનાશકનો ઉપયોગ કરીને સામાન્ય રીતે સ્પર્શેલી સપાટીઓને નિયમિતપણે સાફ અને જંતુમુક્ત કરો.
- ✓ સાબુ અને પાણીથી હાથ ધોવા અને ઓછામાં ઓછા 60% આલ્કોહોલ વાળા હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ કરો.
- ✗ તમામ જાતીય પ્રવૃત્તિથી દૂર રહો.
- ✗ ઘરના અન્ય લોકો અને પાલતુ પ્રાણીઓ સાથે ગાઢ સંપર્ક ટાળો.
- ✗ આંખના ચેપથી બચવા કોન્ટેક્ટ લેન્સનો ઉપયોગ ટાળો.
- ✗ વાયરસના ફેલાવાને રોકવા માટે શરીરના ફોલ્લા અથવા જખમવાળા વિસ્તારોને શેવ કરવાનું ટાળો.

## જો મને લાગે કે હું મંકીપોક્સ (hMPXV) ના સંપર્કમાં આવ્યો/આવી છું તો મારે શું કરવું જોઈએ?





તમારા સ્થાનિક આરોગ્ય વિભાગનો તરત જ સંપર્ક કરો



જો જાહેર આરોગ્ય અધિકારી દ્વારા ભલામણ કરવામાં આવે તો રસી લો



21 દિવસ સુધી લક્ષણોની દેખરેખ રાખો